હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પોલીટીક્સનાં પ્રોફેસર ભલે તમને શીખવે કે આપણું અર્થતંત્ર ફુલગુલાબી છે... પણ ઈકોનોમીક્સનાં પ્રોફેસર તરીકે હું એવું નહીં કહી શકું...!!

શહેરમાં બે દિવસ આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૩૦

મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ૩૧મી જાન્યુઆરીને બુધવારના રોજ બપોરે ૧ થી ૪ કલાકે સેક્ટર-૩-સીના શક્તિચોક મંદિર ખાતે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧લી ફેબ્રુઆરીને ગુરૂવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક સુધી ખુશ્બુ પ્રજાપતિના નિવાસસ્થાન રાજધાની-૨, ઘર નં. ૩૭, રિલાયન્સ ચોકડી, કુડાસણ ખાતે પણ આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બંને કાર્યક્રમો મેલડી આનંદ ગરબા મંડળના મધુ કે. કડીકરના સ્વરમાં યોજાશે. ૩૧મી જાન્યુઆરીના રોજ આનંદના ગરબાની સાથેસાથે સાંજે ૪ કલાકે શક્તિચોક મંદિરમાં મહાઆરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિકભક્તોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે પ્રફુલ્લા ભાવસાર તરફથી આમંત્રણ આપવામાં આવ્યું છે.

વિદ્યાભારતી કેન્દ્ર દ્વારા ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન

ગાંધીનગર, તા.૩૦

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓને દર ગુરુવારે સાંજે ૪ થી ૬ કલાકે વિનામૂલ્યે ગણિત અને અંગ્રેજી વિષયનું વિશેષ માર્ગદર્શન વિષય તજજ્ઞ દ્વારા આપવામાં આવશે. માર્ગદર્શનનું સ્થળ સે-૨૨ ખાતે વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર રાખવામાં આવ્યું છે. ગાંધીનગરના વિદ્યાર્થીઓ આ માર્ગદર્શનનો લાભ લઈ શશે. જેના માટે હેમેન્દ્ર દવે ૯૪૨૮૭૩૦૭૯૧, હર્ષદ પટેલ ૯૮૨૪૪૩૦૨૬૦ અને પ્રવીણ વઘાસિયા ૯૯૭૮૪૦૫૫૯પનો સંપર્ક કરી શકાશે.

સિવિલ હોસ્પિટલના બાંકડા પરથી ગાર્ડનો મૃતદેહ મળ્યો

શહેરના સ-૧૨ સ્થિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલની કેન્ટીન પાસે બાંકડા પરથી આજે એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલિસને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી તેની ઓળખ માટે તજવીજ કરતા જાણવા મળ્યું હતું કે અમદાવાદ ખાતે રહેતા અને ધ્રુવ સિકયુરીટીમાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા ૪૦ વર્ષીય જયેશભાઈ જયંતિભાઈ પંચાલનો મૃતદેહ હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે તે ઘણા સમયથી બિમાર હતા. સે-૭ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

બજેટ માટે ગાંધીનગરની અપેક્ષાઓ અને અભિલાષાઓ

ગાંધીનગર તા ૩૦

આવતીકાલે રજૂ થનાર કેન્દ્રીય બજેટનો દેશના અર્થતંત્ર ઉપર મોટો આધાર હોય છે. દેશવાસીઓ બજેટની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે અને ચર્ચા કરતા હોય છે. ગાંધીનગર શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના મનમાં પણ આવતીકાલના બજેટ માટે ઘણી મોટી અપેક્ષાઓ અને અભિલાષાઓ સેવાઈ રહી છે. વિશેષ કરીને નોકરીયાત વર્ગમાં આવકવેરા માટેની મર્યાદામાં વધારાની અપેક્ષા પ્રબળ છે. શહેરના વિવિધ ક્ષેત્રમાં કાર્યરત અભ્યાસપૂર્ણ મહાનુભાવોના પ્રતિભાવો ઝીલવાનો નમ્ર પ્રયાસ પ્રસ્તુત છે.

કોર્પોરેટ ટેક્ષના ઘટાડાનો લાભ ૫૦ કરોડના ટર્નઓવર સુધી સિમિત ન રાખીને તમામ માટે ૨૫ ટકાનો ટેક્ષ દર કરવો જોઈએ. વ્યકિતગત

ટેક્ષદર ઘટાડવા જોઈએ. જયારે સ્ટાન્ડર્ડ ડીડકશનનો લાભ ફરીથી શરૂ કરવો જોઈએ.આ ઉપરાંત જી એસ ટી અને ઈ વે બીલની કામગીરીમાં ઝડપી અને નિયમિત અને અસરકારક પ્રકીયા હાથ ધરાવવી જોઈએ જેથી ટેક્ષના ડુપ્લેકશનનો ભાર સહન કરવો ન પડે. આ ઉપરાંત પ્રવિડન્ટ ફંડના નિયમોમાં છુટછાટ આપી ઈચ્છિત કર્મચારીઓને જ તેમાં આવરી લેવા જોઈએ. ગત બજેટ દરમિયાન અરૂણ જેટલીએ કોર્પોરેટ ટેક્ષ ૨૫ ટકા સુધી કરી દેવાની વાત કરી હતી. પરંતુ આજે પણ ૩૦ ટકા ટેક્ષ ચુકવવો પડે છે.ઉદ્યોગકારોને સમયસર સબસીડી મળે તેવી જોગવાઈ કરવી જોઈએ. જયારે એકસપોર્ટ કરનારા ઉદ્યોગપતિઓને વસુલાયેલી જી એસ ટી ની તગડી રકમ પરત કરવાની પણ જાહેરાત કરી હતી. પરંતુ કેન્દ્ર સરકારે ૨૫૦૦ કરોડની મોટી રકમ દેશના ઉદ્યોગપતિઓને હજુ સુધી પરત કરી નથી. સરકારે સબસીડી યોજનાઓ અંગે બજેટમાં પુરતી જોગવાઈ કરવી જોઈએ જેથી યોજનાઓનો લાભદાયી અને પ્રોત્સાહક બની રહે.

દિનેશસિંહ ચાવડા,
સેકેટરી ગુજરાત સ્ટેટ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ફેડરેશન

જી એસ ટી ૧૮ ટકા વસુલવામાં આવે છે. કેટરીંગ અને ડેકોરેશન

ક્ષેત્રે જી એસ ટીનો દર ઉંચો છે. જયારે હોટલમાં ૫ ટકા જી એસ ટી અમલમાં છે ત્યારે કેટરીંગમાં જી એસ ટી વધુ હોવાથી મુશ્કેલી વધી છે. જયારે જી એસ ટી ની વસુલાતમાં પારદર્શકતા નથી અને કોઈ લાભ પણ મળતો નથી. આવા સંજોગોમાં આગામી બજેટમાં આ મામલે સુધાર કરવામાં આવે તેવી અનિવાર્યતા અને અપેક્ષા છે. જી એસ ટી ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરી દેવાની જરૂર છે. જયારે સામાન્ય માણસથી લઈ વેપારી સુધીના વર્ગને ધ્યાને લઈ ટેક્ષના માળખામાં ફેરફાર કરવાની ચોકકસ જરૂર છે.

યુસુફ મન્સુરી, વેપારી અગ્રણી

બજેટ એવુ હોવુ જોઈએ જેનાથી જી ડી પી ઉંચો આવે અને ખાસ

કરીને બજેટ ખેડુતલક્ષી જ હોવુ જોઈએ કારણ કે ખેડુતો ખેતપાકોનુ ઉત્પાદન વધુ કરશે તો નિકાસ પણ વધુ થશે અને તમામ ક્ષેત્રે પ્રગતિ થશે. આયાત ઓછી અને નિકાસ વધુ થાય તે મુજબનુ આયોજન થવુ જોઈએ. આ ઉપરાંત બજેટમાં વેપારીલક્ષી બાબતોની પણ વિશેષ જોગવાઈ થવી જોઈએ. વિશ્વમાં કોઈપણ ઠેકાણે ખાદ્યચીજવસ્તુઓમાં જી એસ ટી નથી ત્યારે ભારતમાં આ પ્રકારના જી એસ ટીમાંથી મુકિત આપવી જોઈએ. જી એસ ટીમાં ૧૪ અને ૫ ટકાના દર સાથે બે પ્રકાર નક્કી કરવાની અનિવાર્યતા છે. બજારમાં નોટબંધી અને જી એસ ટીની અસર વર્તાઈ રહી છે. ત્યારે ટેક્ષના માળખામાં સુધાર લાવી આમ નાગરિકો અને વેપારીઓને રાહત આપવી જોઈએ.

કાલીદાસ પટેલ, વેપારી અગ્રણી

જી એસ ટી માં સુધારો આવકારદાયક પરંતુ ધારાધોરણ વ્યાજબી હોવા જોઈએ. જી એસ ટી ચુકવણી માટે આકર્ષણ વધે તે માટે ટકાવારી ઘટાડવી જોઈએ. નોટબંધી સહીત બેકીંગ સાથે સંકળાયેલા પ્રશ્નો હલ થવા જોઈએ. નાગરિકોમાં ટેક્ષને લગતી બાબતોમાં જાગૃતિ આવે તેમજ માળખાગત સુવિધાઓ અને સલામતીને લગતા પરિબળો વધુ મજબુત અને અપગ્રેડ થાય તેવી જોગવાઈઓ બજેટમાં થવી જોઈએ.

શૈલેષ પટેલ, પ્રમુખ - સે-૨૮ જી આઇ ડી સી એસોસિએશન

બજેટ મધ્યમવર્ગને રાહત મળે તેવુ હોવુ જોઈએ. આજના સમયમાં ૧૦ લાખની અવાક સામાન્ય ગણાય. જયારે ૧૦ લાખ સુધી ૧૦ ટકા ટેકસ રાખે તો પ્રજા પ્રમાણિકપણે ટેકસ ભરે દર વ્યાજબી હોય તો ટેક્ષ ભરવા માટે પ્રોત્સાહીત થાય. જયારે વધારે ભરે તો સ્કુટીની આવે છે. પ્રામાણિક ટેક્ષ પેયરને પ્રોત્સાહિત કરવા જોઈએ. કપાત મર્યાદા પણ દોઢ લાખની છે. છેલ્લા બે વર્ષથી વધી નથી. મધ્યમવર્ગના લોકો પણ રોકાણ કરી બચત કરી શકે તે મુજબની બજેટમાં જોગવાઈ થવી જોઈએ.

હરિશ ત્રિવેદી, ટેક્ષ એડવોકેટ

આગામી બજેટ તરફ મીટ માંડીને આમ નાગરિકો બેઠા છે. ત્યારે ચુંટણીમાં અપાયેલા વચનો પણ પાળવાનો સમય આવી ગયો છે. આગામી બજેટમાં આમ નાગરિકોની આશા પુર્ણ થશે તેમ માનુ છુ. ગેસ પરની સબસીડી મળતી નથી.સુવિધાઓનો અભાવ વર્તાય છે.પેટ્રોલ સહીતની ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં નથી. ત્યારે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સસ્તી થાય અને મધ્યમવર્ગને કરમાં વિશેષ રાહત મળે તેવી અપેક્ષા છે.

અરૂણ બુચ, પ્રમુખ શહેર વસાહત મહામંડળ

આગામી બજેટ ટેક્ષમાં રાહત આપનારુ હોવુ જોઈએ. ઈલેક્ટ્રોનિકસ ઉપકરણોના ભાવ ઘટે , જી એસ ટી માં વધુ ૫ ટકા રાહત મળે તેવી જોગવાઈ કરવી જોઈએ. જયારે ઉદ્યોગજગતમાં નવી સંશોધન વૃતિને પ્રોત્સાહીત કરવા નવી યોજનાઓ અમલમાં આવે જયારે સબસીડીનો લાભ મળે તેવી જોગવાઈ કરવી જોઈએ. ઉદ્યોગજગતમાં ઈનોવેટરને ફાયદો મળતો નથી.જોઈએ તેવુ વળતર મળતુ નથી. આ મામલે બજેટમાં જોગવાઈ થવી જોઈએ.

દશરથ પટેલ, વેપારી અગ્રણી

બજેટ ખેડુતલક્ષી હોવુ જોઈએ. ખેડુતોને પ્રોત્સાહન મળે તેવી

જોગવાઈઓ બજેટમાં વિશેષ કરવી જોઈએ. પ્રિન્ટીંગ ક્ષેત્રે પણ ૫ ટકામાંથી ૧૨ ટકા જી એસ ટી વસુલાય છે. ઈન્કમટેક્ષની મર્યાદા વધારી નાના વેપારીઓને રાહત આપવી જોઈએ. જયારે મધ્યમવર્ગને પણ વધારાનો ટેકસ ન ચુકવવો પડે તેવી રાહતોની જાહેરાત થવી જોઈએ.

રમેશ પટેલ, વેપારી અગ્રણી

સિનિયર સિટીઝન્સ અલબત્ત ૮૦ વર્ષ ઉપરના વૃધ્ધોને કરમાં ૫

લાખ સુધીની છુટ આપવામાં આવી હતી. પરંતુ સાતમાં પગારપંચના લીધે પેન્શન વધ્યુ છે. જેથી ૫ લાખના બદલે ૭ લાખ સુધીનુ મર્યાદા કરવાની પણ જરૂર છે. જયારે ૬૦ વર્ષ ઉપરના પેન્શનર્સ માટે ૨.૫૦ લાખની મર્યાદા છે. જેના બદલે ૪ લાખ આપવી જોઈએ. જયારે ૫ લાખ ઉપરની રકમમાં સીધો ૩૦ ટકા ટેકસ લાગે છે. જે ૨૦ ટકા રાખવો જોઈએ. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓને જી એસ ટી માંથી મુકિત આપવી જોઈએ.

જે. જી. ભટ્ટ, પેન્શનર સમાજ

વ્યાજદર ઘટી રહયા છે. ત્યારે સિનિયર સિટીઝન માટે મુશ્કેલી વધી છે. વ્યાજની આવક પર ગુજરાન ચલાવતા સિનિયર સિટીઝન્સને

ઘર ચલાવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે બજેટમાં વ્યાજના દર વધે તે માટે જોગવાઈ થવી જોઈએ.રૂ ૧૫ લાખ સુધી ૧૩ થી ૧૪ ટકા વ્યાજ મળવુ જોઈએ. મહીલાઓ માટે ટેક્ષ મર્યાદા વધારવી જોઈએ. અમેરિકામાં પણ ખાવાની ચીજવસ્તુઓ પર જી એસ ટી નથી. ત્યારે ઘરમાં લાવવાની વસ્તુઓ પર ટેક્ષ ન હોવો જોઈએ આગામી બજેટમાં આ મુજબનો લાભ ગૃહીણીઓને મળવો જોઈએ.

અરૂણાબેન ગજજર, મહીલા અગ્રણી

નોટબંધી અને જી એસ ટીના લીધે નાગરિકો અને વેપારીઓ આકુળ વ્યાકુળ બન્યા છે. ત્યારે બજેટના નિર્ણયોથી કાંઈક હકારાત્મ બાબતો સામે આવે તેની વાટે છે. નોકરીયાત અને ધંધાદારી વર્ગ પરેશાન છે. રોજિંદી ચીજવસ્તુઓના ભાવ વધી રહયા છે. જયારે મધ્યમવર્ગ માટે મનોરંજનના પરિબળોને સંતોષવાનુ કપરુ બન્યુ છે. નાના માણસોને આર્થિક માર સહન કરવાનો વારો આવ્યો છે. ત્યારે ગૃહીણીઓ અને આમ નાગરિકોની જરૂરિયાતને ધ્યાને લઈ બજેટમાં જોગવાઈ કરવામાં આવે તેવા ફ્રેન્ડલી બજેટની અપેક્ષા છે.

મમતા રાવલ, મહીલા અગ્રણી

રાજ્યવ્યાપી ૨૩૯ ખરીદકેન્દ્રો શરૂ કરી ટેકાના ભાવે મગફળીની ખરીદી કરતી ગુજરાત સરકાર

"અત્યાર સુધીમાં રૂ.૩૫૩૯ કરોડના મૂલ્યની ૩૯૩ લાખ મણ મગફળીની ટેકાના ભાવે વ્યાપક પ્રમાણમાં ખરીદી"

ખેડૂતોનો સમુહ રસ્તામાં જોવા મળ્યો. જાણ્યું તો ખબર પડી કે આ એ જ ખેડૂતો હતા જેમણે મગફળીનો મબલખ પાક લીધો હતો. પરંતુ યોગ્ય ભાવ ન મળતા ખેડૂતો હતાશ થઈ રહ્યા હતા. કેવી

રીતે અને કોણ લાવશે તેમની આ સમસ્યાનું સમાધાન?

તે સમયે જ ખેડૂતોનું હિત ધરાવતી ગુજરાત સરકાર પોષણક્ષમ ભાવે મગફળી ખરીદવાનો ત્વરિત નિર્ણય લઈ તેમની વ્હારે આવી. લાભપાંચમથી રાજ્યમાં મગફળી ખરીદકેન્દ્ર શરૂ કર્યા જેનાથી ખેડૂતોમાં રાહત અને આનંદની લાગણી છવાઈ.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વડપણ હેઠળની ખેડૂતલક્ષી અભિગમ ધરાવતી વર્તમાન સરકાર હંમેશાં ખેડૂતોની ચિંતા કરે છે અને તેથી જ ચાલુ ખરીફ સિઝનમાં ખેડૂતોને મગફળી, કપાસ અને અડદના પાકોના પોષણક્ષમ ભાવો આપવા આગોતરૂં આયોજન ઘડી કાઢ્યું છે.

ચાલુ વર્ષે ગુજરાતમાં સારો વરસાદ થતાં ખરીફ ઋતુ-૨૦૧૭માં ખેડૂતોએ મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કર્યું હતું. પરિણામે રાજ્યમાં અંદાજીત ૨૫ થી ૩૦ લાખ મણ મગફળીનું બમ્પર ઉત્પાદન થતાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યવ્યાપી ૨૩૯ ખરીદકેન્દ્રો શરૂ કરીને ટેકાના ભાવ રૂ.૪૪૫૦ સાથે બોનસ રૂ.૫૦ આપી એટલે કે મણદીઠ રૂ.૯૦૦ લેખે મગફળી ખરીદવામાં આવે છે. રાજ્યમાં અત્યાર સુધી ટેકાના ભાવે ૭.૮૭ લાખ મેટ્રીકટન મગફળી ખરીદવામાં આવી છે. અત્યાર સુધીમાં રૂ.૩૫૩૯ કરોડ મૂલ્યની ૩૯૩ લાખ મણ મગફળી ખરીદીને અંદાજે ૪ લાખ ખેડૂતોને લાભ આપેલ છે.

ગયા વર્ષે ખરીફ ઋતુ-૨૦૧૬ પ્રતિ ક્વિન્ટલના રૂ.૪૨૨૦ના ટેકાના ભાવે રૂ.૮૮૯.૨૦ કરોડના મૂલ્યની ૨.૧૦૭ લાખ મેટ્રીક ટન મગફળી ૧,૦૯,૦૫૮ ખેડૂતો પાસેથી ખરીદવામાં આવી હતી.

"મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વડપણ હેઠળની વર્તમાન રાજ્ય સરકારનો ખેડૂતલક્ષી અભિગમ"

તેની તુલનામાં ખરીફ ઋતુ-૨૦૧૭ માં ચારગણા મૂલ્યની મગફળી ખરીદીને ખેડૂતલક્ષી અભિગમનો અહેસાસ કરાવ્યો છે.

ટેકાના ભાવે મગફળી ખરીદવા સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ, સુરેન્દ્રનગર સહિત ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ, મહિસાગર, ખેડા, ભરૂચ, નર્મદા અને સુરત જિલ્લામાં ખરીદકેન્દ્રો મારફતે મગફળીની ખરીદી કરી નાફેડ દ્વારા ખેડૂતોને ઓનલાઈન બેંક એકાઉન્ટમાં સીધી ચૂકવણી કરવામાં આવે છે.

રાજ્ય સરકાર ટેકાના ભાવે મગફળી ખરીદીને દૈનિક ધોરણે સતત મોનીટરીંગ કરે છે.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં ગુજકોટ, ગુજકોમાસોલ, બનાસ ડેરી, સાબરડેરી, ગુજપ્રો સંસ્થાઓ હેઠળની સ્થાનિક સહકારી મંડળીઓ મારફતે મગફળી ખરીદવામાં આવે છે.

કેટલાક વેપારીઓ દ્વારા મગફળી પકવતા ખેડૂતો પાસેથી ઓછા ભાવે ગુણવત્તાયુક્ત મગફળી ખરીદીને માટીની ભેળસેળ કરી ખરીદકેન્દ્રો ઉપર ટેકાના ભાવે વેચતા હોવાના જેવા કથિત બનાવો ન બને તે માટે ખેડૂતોએ વેપારીઓને મગફળી ન વેચતા રાજ્ય સરકારના અધિકૃત ખરીદકેન્દ્રો ઉપર જ નિયત ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા રાજ્ય સરકારની અપીલ છે. ■

ગુજરાતના વિકાસની આછેરી ઝલક

- **પવિત્ર યાત્રાધામોની યાદીમાં વડતાલના સમાવેશનું રાજ્ય સરકારનું સ્તુત્ય પગલું: રૂ. બે કરોડના ખર્ચે નિર્માણ થનારું આધુનિક બસમથક**
- **રાજ્યમાં ૧૮ હજાર ગામડાંની જમીન માપણી કામગીરી પૂર્ણતાને આરે**
- **કચ્છના કુકમા ખાતે ખારેક પાકના સેન્ટર ઓફ એક્સેલન્સનું ડીજીટલી લોકાર્પણ**
- **વદરાડ ખાતે રાજ્યનું સૌ પ્રથમ સેન્ટર ઓફ એક્સલેન્સ વેજીટેબલનું નિર્માણ**
- **બનાસકાંઠા જિલ્લાના સુઇગામ તાલુકાને મળી વોટર ડી-સેલીનેશન પ્લાન્ટ ધરાવતી મોબાઇલ વાનની અનોખી ગીફ્ટ: દરિયાનું, તળાવનું અને રણ વિસ્તારમાં ભરાયેલું ખારું પાણી હવે ઝડપથી પીવાલાયક બનાવી શકાશે**
- **સૂચિત સોસાયટીને રેગ્યુલરાઈઝ કરવાના ઐતિહાસિક નિર્ણયથી ગુજરાતમાં ૫૭૯ સોસાયટીના અંદાજે એક લાખથી વધુ નાના મકાનમાલિકોને મિલકતના હક્ક**
- **રાજ્યના તમામ વાહનચાલકોને અમદાવાદ-વડોદરા માર્ગ પરના છાણી રેલવે ઓવરબ્રીજના ટોલમાંથી મળેલી મુક્તિ**

શિક્ષણના નામે કરાતા વ્યાપાર સામે ગુજરાત સરકારની લાલ આંખ

"રાષ્ટ્રભરમાં ફી નિયમન ક્ષેત્રે ગુજરાત બન્યું રાહબર"

ગુજરાત સરકારે રાજ્યમાં ફી નિયમનનો કાયદો અમલી બનાવી ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. જે શાળાઓ મન ફાવે તેવી ફી ઉઘરાવી વાલીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવતી હતી. તેની સામે રાજ્ય સરકારે પહેલ કરી દેશભરમાં સૌ પ્રથમવાર ફી નિયમનનો કડક કાયદો રાજ્યમાં અમલી બનાવ્યો છે અને વાલી તરફેની જવાબદારી સરકારે નિભાવી છે. રાજ્યની સ્વનિર્ભર શાળાઓ માટે રાજ્ય સરકારે કરેલા ફી નિર્ધારણ એક્ટને નામદાર હાઈકોર્ટે મંજૂરીની મહોર મારી છે.

ચાલુ વર્ષ અર્થાત્ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક સત્રમાં જ ફી નિર્ધારણ અંગેના કાયદાનો જે તે શાળા દ્વારા અમલ થાય તે અંગે સત્વરે કાર્યવાહી કરવા સંબંધિતોને સૂચના આપી દેવામાં આવી છે. આ સમયે વાલીઓએ પણ હવે ધીરજ અને સંયમથી કામ લેવાની જરૂર છે.

સ્વનિર્ભર શાળાઓ માટે એફ.આર.સી. કમિટી દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ શૈક્ષણિક ફી અંગે જયારે નામદાર હાઈકોર્ટે પણ રાજ્ય સરકારની તરફેણમાં સ્પષ્ટ ચૂકાદો આપી દીધો છે ત્યારે હવે સ્વનિર્ભર શાળાઓ તે મુજબ જ વાલીઓ પાસેથી ફી વસૂલ કરે તે અંગે સત્વરે જરૂરી કાર્યવાહી કરવા અને એક્ટ

"ફી નિર્ધારણ એક્ટને નામદાર હાઈકોર્ટની મંજૂરી"

સંબંધી જે તે જોગવાઈઓ અંગે વિગતવાર માર્ગદર્શન પુરું પાડવામાં આવેલ છે.

ફી નિર્ધારણ કમિટી દ્વારા નક્કી કરાયેલ જે તે શાળાની ફી કરતાં વધુ ફી જો કોઈ શાળાએ વસૂલ કરી હશે તો તેને વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક સત્રથી એટલે કે ચાલુ શૈક્ષણિક સત્રમાં જ જે તે શાળાના સંચાલકોએ લીધેલી ફી વાલીઓને સરભર કરવાની રહેશે.

શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવામાં રાજ્ય સરકારને સીમાચિહ્નરૂપ સિદ્ધિ મળી છે જેથી વાલીઓ પાસેથી હવે સ્વનિર્ભર શાળાઓ મનમાની ફી વસૂલી શકે નહીં, જેથી મોંઘીદાટ શૈક્ષણિક ફીમાંથી રાજ્યના લાખો વાલીઓને હવે મુક્તિ મળશે. સાથોસાથ રાજ્યના ૩૭ લાખ વિદ્યાર્થીઓને ફી ઘટાડાનો લાભ મળશે.

આ ચૂકાદાથી મધ્યમવર્ગના વાલીઓને મોટી આર્થિક રાહત મળશે અને ખાનગી શાળાસંચાલકો ઉપર ફી બાબતે લગામ લાગશે.

હાલમાં કેટલાક શાળાના સંચાલકોએ ફી નિયમન મુદ્દે નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ દાદ માંગી છે પરંતુ તેની સામે રાજ્ય સરકારનું વલણ વાલીઓ અને વિદ્યાર્થીઓના હિત તરફી રહેશે. ■

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા ગ્રામ ઉત્કર્ષનો મજબૂત માર્ગ કંડારે છે ગુજરાત

રાજ્યના તમામ ગામ-પરાંને બારમાસી ગુણવત્તાયુક્ત પાકા રસ્તાના નેટવર્કથી જોડવા ગુજરાત સરકારનું રૂા.૧૦,૦૦૦ કરોડનું નક્કર આયોજન

ગ્રામ્ય વિસ્તારોના આર્થિક અને સામાજીક સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રાજ્ય સરકારે ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ગ્રામ-પરાંઓને પ્રથમ વખત જોડાણ, મહેસુલી ગામોને બીજું કે ત્રીજું જોડાણ આપવાના ઉદ્દેશથી આયોજન બહારના રસ્તાઓના નિર્માણ હેતુ ૨૦૧૬-૧૭માં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અમલમાં મુકી છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાની આ રહી વિશિષ્ટતાઓ: રાજ્યના ૧૮૦૦૦ ગામો અને ૧૬૨૪૫ વસાહતોને ઉત્તમ ગુણવત્તાવાળા બારમાસી રસ્તાઓથી જોડવાની નેમ સાથે વર્ષ-૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં પ્રતિવર્ષ રૂા.૨૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એપ્રિલ-૨૦૧૬માં શરૂ કરવામાં આવેલ આ યોજના અંતર્ગત ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં રૂા.૭૯૩૪ કરોડનાં ૮૭૯૩ કામોને મંજૂરીઓ આપવામાં આવી છે. તે પૈકી રૂા.૨૨૪૪ કરોડનાં ૨૬૪૧ કામો પૂર્ણ થયેલ છે જેનાથી ૫૦૦૦થી વધુ ગામો/પરાં લાભાન્વિત થયેલ છે. ૨૭૧૨ કામો પ્રગતિ હેઠળ છે. બાકીના બધા જ કામો વર્ષ ૨૦૧૯-૨૦ના અંત સુધીમાં પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આ યોજના માટે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ૬૫૮ મીલીયન ડોલર એટલે કે રૂા.૪૪૦૦ કરોડ મંજૂર કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે આ યોજનાના ઉત્તમ સંચાલન અને મોનીટરીંગ માટે પ્રોજેકટ મોનીટરીંગ કન્સલ્ટન્ટની નિમણૂક તથા કામોની ગુણવત્તા જળવાય અને લોકજાગૃતિ કેળવાય તે હેતુથી નિષ્પક્ષ થર્ડ પાર્ટી ગુણવત્તા નિયમન એજન્સીઓની નિમણૂક કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત સામાજિક અને પર્યાવરણની ઉચ્ચત્તમ ધોરણો અનુસાર જાળવણી કરવા માટેની પ્રતિબદ્ધતા સાથે સોશીયલ અને એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ એન્ડ મીટીગેશન પ્લાન તૈયાર કરી વિભાગની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે, જેની એ.આઈ.આઈ.બી. દ્વારા પ્રશંસા કરવામાં આવેલ છે.

"દૂધાળા ગામના સરપંચે જણાવ્યું હતું કે, રૂા.૧.૩૦ કરોડના ખર્ચે દૂધાળાથી બોરાળા થઈ જામખંભાળીયા મુખ્ય મથકને જોડતા મુખ્ય માર્ગોને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂરી મળતા ગ્રામજનોમાં આનંદ થઈ ગયો છે કારણ કે હવે બાળકોના અભ્યાસ અને સ્વરોજગાર માટે અનુકૂળતા થઈ છે"

ગુજરાતના ૨ કરોડ ગ્રામીણ-જનોને આ રસ્તાઓ ઉપયોગી નીવડશે, ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે રોજગારીનું સર્જન થશે, ખેડૂતોની ખેતપેદાશો સમયસર માર્કેટ સુધી પહોંચશે, બિમાર વ્યક્તિને આરોગ્ય સવલતો ઝડપથી મળશે, વિદ્યાર્થીઓને શિક્ષણ માટે ટૂંકો રસ્તો થતા સમયનો બચાવ થશે અને સારૂં શિક્ષણ મળશે. ■